1. પર્યાવરણના મુખ્ય ઘટકો જણાવો.

➢ પર્યાવરણના મુખ્ય ચાર ઘટકો છે : (1) વાતાવરણ, (2) મૃદાવરણ (ભૂમિ આવરણ), (3) જલાવરણ અને (4) જૈવિક આવરણ.

2. 'સામાજિક પર્યાવરણ' એટલે શું?

➢ જે પર્યાવરણની રચના વ્યકિતઓ દ્વારા થાય છે અને તે પર્યાવરણ વ્યક્તિના જન્મથી મૃત્યુ સુધી તેની સાથે જોડાયેલું રહે છે; તેને 'સામાજિક પર્યાવરણ' કહે છે,

3. સાંસ્કૃતિક પર્યાવરણ ધોને કહેવાય?

➢ જે પર્યાવરણની રચના સમાજના રીતરિવાજ, પરંપરા 6 વગેરે દ્વારા થતી હોય અને તે માનવીને સમાજીકરણની પ્રક્રિયા દરમિયાન વર્તનવ્યવહાર દ્વારા શીખવવામાં આવે તેવા પર્યાવરણને 'સાંસ્કૃતિક પર્યાવરણ' કહે છે.

4. પ્રાકૃતિક પર્યાવરણ કોને કહેવાય?

➢ જે પર્યાવરણમાં સૂર્ય, ચંદ્ર, પૃથ્વી, જળ, વાયુ વગેરે પ્રાકૃતિક તત્ત્વોનો સમાવેશ થતો હોય તેવા પર્યાવરણને 'પ્રાકૃતિક પર્યાવરણ' કહે છે. પ્રાકૃતિક પર્યાવરણ પર માનવીની શક્તિ કે બુદ્ધિની અસર પડતી નથી.

5. રેખાંશથી શું નક્કી થાય છે?

➢ રેખાંશની મદદથી કોઈ પણ સ્થળનો સમય નક્કી થાય છે.

6. પર્યાવરણ પરિવર્તન માટે કઈ બે પ્રક્રિયાઓ જવાબદાર છે?

➢ પર્યાવરણ પરિવર્તન માટે આ બે પ્રક્રિયાઓ જવાબદાર છે : (1) કુદરતપ્રેરિત પ્રક્રિયા અને (2) માનવપ્રેરિત પ્રક્રિયા.

7. આકાશમાં કયા વાયુનું પડ હોય છે ?

➢ આકાશમાં પર્યાવરણના ઘટક તરીકે ઓઝોન વાયુનું પડ હોય છે.

8. 'WWF'નું પૂરું નામ જણાવો.

➢ આંતરરાષ્ટ્રીય સંસ્થા WWEનું પૂરું નામ 'World Wide Fund'

9. માનવીએ પર્યાવરણની બાબતોને સામાજિક જીવનમાં કઈ રીતે જોડી છે?

➢ માનવીએ પર્યાવરણની બાબતોને પોતાના સામાજિક જીવનમાં વ્રત, તપ, ઉપવાસ, તહેવાર તથા સામાજિક અને સાંસ્કૃતિક પ્રસંગોમાં અર્થપૂર્ણ રીતે જોડી છે.

10. પર્યાવરણના મુખ્યત્વે કયા બે વિભાગો છે?

- પર્યાવરણના મુખ્યત્વે બે વિભાગો છેઃ
  (1) સજીવ તત્ત્વો અને (2) નિર્જીવ તત્ત્વો.

11.સજીવ તત્ત્વોમાં કોનો સમાવેશ થાય છે?

- સજીવ તત્ત્વોમાં સર્જક, સંચાલક અને સંહારકનો સમાવેશ થાય છે.

12.કયાં પાંચ નિર્જીવ તત્ત્વો છે?

- આ પાંચ નિર્જીવ તત્ત્વો છે : (1) અગ્નિ, (2) જળ, (3) વાયુ, (4) જમીન (પૃથ્વી) અને (5) આકાશ.

13.હિન્દુ સંસ્કૃતિ મુજબ માનવશરીર શાનું બનેલું છે?

- હિન્દુ સંસ્કૃતિ મુજબ માનવશરીર પંચમહાભૂતોનું બનેલું છે.

14.પર્યાવરણમાં શાનો સમાવેશ થાય છે?

- પર્યાવરણમાં પાણી, હવા, જમીન, માનવી, પ્રાણીઓ, વનસ્પતિ, અત્યંત સુથમ જીવસૃષ્ટિ અને મિલકત વચ્ચે અસ્તિત્વ ધરાવતા આંતરસંબંધોનો સમાવેશ થાય છે.

15.પર્યાવરણવિદ્દોના મતે 'પર્યાવરણ' એટલે શું?

- પર્યાવરણવિદ્દોના મતે, "પર્યાવરણ એટલે કોઈ પણ વસ્તુની ચારે બાજુની ચેતાતંત્રની પરિસ્થિતિ કે જે એકબીજા સાથે સંકળાયેલી હોય અને માનવજીવનને પ્રભાવિત કરે." આમ, પર્યાવરણ એટલે કુદરતી પરિબળોનું આવરણ.

16.પૃથ્વીના જુદા જુદા ભાગોમાં આબોહવા, ઉષ્ણતામાન અને વરસાદની માત્રામાં તફાવત કેમ થાય છે?

- સૂર્ય દ્વારા વાતાવરણ એકસરખું ગરમ થતું નથી. આથી વાયુનો પ્રવાહ થાય છે અને પૃથ્વીના જુદા જુદા ભાગોમાં આબોહવા, ઉષ્ણતામાન અને વરસાદની માત્રામાં તફાવત થાય છે.

17.મૃદાવરણના ઉપરના સ્તરને શું કહે છે?

- મૃદાવરણના ઉપરના સ્તરને 'હ્યુમસ' કહે છે.

18. લેન્ડિસે પર્યાવરણના કયા ત્રણ પ્રકારો દર્શાવ્યા છે?

- લેન્ડિસે પર્યાવરણના આ ત્રણ પ્રકારો દર્શાવ્યા છે : (1) પ્રાકૃતિક પર્યાવરણ, (2) સામાજિક પર્યાવરણ અને (3) સાંસ્કૃતિક પર્યાવરણ.

## 19.ઓગબર્ન અને નિમકોફ પર્યાવરણના કયા બે ભાગ દર્શાવે છે?

- ઓગબર્ન અને નિમકોફ પર્યાવરણના આ બે ભાગ દર્શાવે છે : (1) પ્રાકૃતિક પર્યાવરણ અને (2) માનવસર્જિત પર્યાવરણ.

## 20.અક્ષાંશથી શું નક્કી થાય છે?

- અક્ષાંશની મદદથી જે-તે પ્રદેશના જલવાયુ, કુદરતી સંપત્તિ, પશુ જીવન, માનવજીવન, સંસ્કૃતિ વગેરે નક્કી થાય છે.

## 21.પર્યાવરણીય પરિવર્તન માટે કુદરતની કઈ પ્રક્રિયાઓ જવાબદાર છે ?

- પર્યાવરણીય પરિવર્તન માટે કુદરતની ભૂકંપ, જ્વાળામુખી પ્રસ્ફોટન, સુનામી, ભૂસંચલન વગેરે જેવી પ્રક્રિયાઓ જવાબદાર છે.

## 22.પર્યાવરણીય પરિવર્તન માટે માનવપ્રેરિત કઈ પ્રક્રિયાઓ જવાબદાર છે ?

- પર્યાવરણીય પરિવર્તન માટે માનવપ્રેરિત ટેકનોલૉજીનો ઝડપી વિકાસ, ઉદ્યોગ, પરિવહન, બાંધકામ, વસ્તીવૃદ્ધિ, શહેરીકરણ, મોજશોખ વગેરે જેવી પ્રક્રિયાઓ જવાબદાર છે.

## 23.માનવીની કઈ પ્રવૃત્તિઓના લીધે જમીન પર દબાણ વધ્યું છે ?

- માનવીએ વસ્તીવધારો થતાં પર્વતો તોડીને માગ બનાવ્યા પ્રાકૃતિક તત્ત્વોનો નાશ કરી પોતાની જરૂરિયાત મુજબનાં રહેઠાણો બનાવ્યાં. આમ, માનવીની પ્રવૃત્તિઓના કારણે જમીન પર દબાણ વધ્યું.

## 24.માનવીની પ્રવૃત્તિઓના કારણે ઋતુચક્ર પર કઈ કઈ અસર થઈ છે ?

- ઔધોગીકરણ અને શહેરીકરણના કારણે હવામાં કાર્બન ડાયૉક્સાઇડ, કાર્બન મોનૉક્સાઇડ વગેરે જેવા વાયુનું પ્રમાણ વધતાં તેની અસર ફળ, ફૂલ, પાક અને વનસ્પતિ પર થઈ છે. પરિણામે કુદરતના નિયમોમાં પરિવર્તન આવ્યું છે. ઋતુચક્ર બદલાઈ ગયું છે. ઉનાળામાં વરસાદ પડે છે, તો શિયાળામાં ગરમીનો અનુભવ થાય છે.

## 25.માનવીની પ્રવૃત્તિઓના કારણે વાયુમંડળ પર કઈ કઈ અસર થઈ છે?

- માનવીની પ્રવૃત્તિઓના કારણે વાયુમંડળમાં વાયુ પ્રદૂષણ, ઓઝોન સ્તરમાં ગાબડું, ગ્રીનહાઉસ ઈફેક્ટ વગેરે અસર જોવા મળે છે. પૃથ્વી પરની હિમનદીઓ પીગળવા લાગી છે. અનેક ટાપુઓ જળ માં સમાઈ ગયા છે. ઔદ્યોગિક વિસ્તારનાં કાળાં વાદળો પ્રાણઘાતક નીવડ્યાં છે, કોઈક વાર થતો એસિડનો વરસાદ' માનવી માટે વિનાશક છે.

26.માનવીની પ્રવૃત્તિઓના કારણે જળાશયો પર કઈ કઈ અસર થઈ છે?

- માનવીએ જળાશયોનો જુદી જુદી અનેક રીતે ઉપયોગ કરી તેના કુદરતી પ્રવાહને બદલ્યો છે. પોતાની જરૂરિયાત માટે માનવીએ કૃત્રિમ જળાશયો બનાવ્યાં છે. જળાશયોના કુદરતી પ્રવાહ બદલાતાં ધોવાણ અને ખવાણની પ્રક્રિયા તીવ્ર બની છે.

27.માનવીની પ્રવૃત્તિઓના કારણે આરોગ્ય પર કઈ કઈ અસર થઈ છે ?

- માનવીએ પર્યાવરણને નુકસાન પહોંચાડીને પોતાના આરોગ્યને નુકસાન પહોંચાડ્યું છે. માનવી શ્વસનતંત્ર, ચામડી તથા તંદુરસ્તીની સમસ્યાનો ભોગ બન્યો છે. શહેરીજનો પ્રદૂષણના કારણે શારીરિક અને માનસિક રોગના ભોગ બને છે. માનવીની કાર્યક્ષમતા અને એકાગ્રતા નબળી પડી છે.

28.પ્રથમ 'પૃથ્વી પરિષદ' ક્યાં અને ક્યારે ભરાઈ હતી ?

- પ્રથમ પૃથ્વી પરિષદ' ઈ. સ. 1972માં બેલ્જિયમમાં ભરાઈ હતી.

29.બીજી 'પૃથ્વી પરિષદ' ક્યાં અને ક્યારે ભરાઈ હતી?

- બીજી 'પથ્વી પરિષદ ઈ. સ. 1992માં બ્રાઝિલના રીઓ દ જનીરો શહેરમાં ભરાઈ હતી.

30.બીજી પૃથ્વી પરિષદનું શું નામ રાખવામાં આવ્યું હતું?

- બીજી 'પૃથ્વી પરિષદનું નામ 'પર્યાવરણ અને વિકાસ પરિષદ રાખવામાં આવ્યું હતું.

31.કેરલમાં સરકાર અને પર્યાવરણવાદીઓની કઈ ચળવળ થઈ હતી ?

- ઈ. સ. 1978માં કેરલ સરકાર અને પર્યાવરણવાદીઓની હાઇડ્રો ઇલેક્ટ્રિક પ્રૉજેક્ટના સંદર્ભમાં The Silent Valley Movement (ધ સાઈલેન્ટ વેલી મૂવમેન્ટ) ચળવળ થઈ હતી.

32.ગુજરાતમાં સિમેન્ટ ઉદ્યોગના સંદર્ભમાં કોણે આંદોલન કર્યું હતું?

- ગુજરાતમાં સિમેન્ટ ઉદ્યોગના સંદર્ભમાં મહુવાના ખેડૂતોએ આંદોલન કર્યું હતું.

33. અવાજની તીવ્રતા માપવાના એકમને શું કહે છે?

- અવાજની તીવ્રતા માપવાના એકમને 'ડેસિબલ' (db) કહે છે,

34. "ગ્લોબલ વોર્મિંગ" ની આડઅસરો જણાવો.

- 'ગ્લોબલ વોર્મિંગ'ની આડઅસરો આ પ્રમાણે છે :
  (1) હિમદ્રવણ અને દરિયાઈ સ્તરમાંથી ઉત્થાન, (2) જળ અને વાયુ પરિવર્તન, (3) ખેત-ઉત્પાદનમાં છાસ (ઘટાડો) તથા (4) જેવજીવનમાં સંકટ.

35. ગ્લોબલ વોર્મિંગના કારણે કયા પાકના ઉત્પાદનમાં ખૂબ ઘટાડો થશે ?

- ગ્લોબલ વૉર્મિંગના કારણે તેલીબિયાંના પાક અને કઠોળના પાકના ઉત્પાદનમાં ખૂબ ઘટાડો થશે.